
ઇમ્માનુએલ નું સ્વપ્ન

સાચી અને
પ્રેરક વાર્તા



ઇમ્માનુએલ નું સ્વપ્ન

એક સાચી અને પ્રેરક વાર્તા

લૌરી એન થોમ્પસન
ચિત્ર : સીન ક્યુએલ્લ્સ





પશ્ચિમી આફ્રિકા - ઘાના - માં, એક બાળક નો જન્મ થયો. એની બંને આંખો રોશની માં ચમકી રહી હતી.

એના બંને ફેફસા માં થી રડવાનો જોરદાર અવાજ નીકળી રહ્યો હતો.

એની બંને નાની હથેળીઓ ખુલ-બંધ થતી હતી. પણ ફક્ત એક સશક્ત પગ લાત મારી રહ્યો હતો.




ઘણા લોકો ને લાગ્યું કે એ કંઈ કામનો નથી,
અથવા એક અભિશાપ છે. એના પિતા એને
કાયમ માટે છોડી ને ચાલ્યા ગયા.

પણ એની માઁ ને આસ્થા હતી.

માઁ નું નામ કમ્ફર્ટ હતું.

એણે એના પહેલા સંતાન નું નામ ઇમ્માનુએલ
રાખ્યું.

ઇમ્માનુએલ નો અર્થ થાય છે "ભગવાન
આપણી સાથે છે".





જયારે ઇમ્માનુએલ મોટો થયો
તો માઁ કમ્ફર્ટે કહ્યું કે એ જે ઈચ્છા કરે, એ પ્રાપ્ત કરી શકે,
પણ એના માટે એણે પોતે મહેનત કરવી પડશે.





ધીરે-ધીરે એ ભાખડીયે ચાલતા
અને એક પગે ઠેકવાનું શીખ્યો.




એ પાણી લાવવાનું અને નારિયળ
ના ઝાડ પર ચઢવાનું શીખ્યો.




એણે પૈસા કમાવા બૂટ પણ પોલિશ કર્યા.





ઘણા વિકલાંગ બાળકો સ્કૂલ નહોતા જઈ સકતા.
પણ ઇમ્માનુએલ ની માઁ એને તેડી ને સ્કૂલ લઈ જતી.
એક દિવસ માઁ એ કહ્યું, "બેટા, હવે તું બહુ ભારે થઈ ગયો છે."




એ દિવસ થી ઇમ્માનુએલ એક પગ પર ઠેકતા
સ્કૂલ જતો અને પાછો આવતો.

એની સ્કૂલ ઘર થી બે માઈલ દૂર હતી.

એ એકલો, એક પગ પર, જતો-આવતો.

શરૂઆત માં કોઈ એની સાથે રમતું નહીં.
પણ ઇમ્માનુએલે પૈસા બચાવ્યા
અને એક એવી વસ્તુ ખરીદી જે ક્લાસ માં કોઈ પાસે ન હતી.
એણે એક નવો ફૂટબૉલ ખરીદ્યો.
એ એના મિત્રો ને જરૂર રમવા આપે ...
જો એ લોકો એને પણ રમવા માં સામેલ કરે.
દાદીએ એને એક કાખઘોડી આપી.
કાખઘોડી ની મદદ થી ઇમ્માનુએલ એના સારા ડાબા પગ થી
ફૂટબૉલ ને કિક મારતો.
ઇમ્માનુએલ ના મિત્રો હવે એની કદર કરવા લાગ્યા.







એના નવા મિત્રો ઘણીવાર બપોર ના ભોજન ના પૈસા બચાવી ને સાયકલ ભાડે લઈને ચલાવતા.


શું ઇમ્માનુએલ સાયકલ ચલાવી શકશે?

એના મિત્ર ગોડવિને ઇમ્માનુએલ ની સાયકલ ને જોરથી ધક્કો માર્યો, જેથી એ સાયકલ નું સંતુલન જાળવી શકે.





ઇમ્માનુએલ ઘણીવાર જોરથી પડયો, પણ અંત માં ...



એણે સાયકલ ચલાવવી શીખી!


જયારે ઇમ્માનુએલ તેર વર્ષ નો હતો,
તો માઁ કમ્ફર્ટ બહુ બીમાર પડી.
એ હવે બજાર જઈને શાકભાજી વેચી નહોતી સકતી.
ઇમ્માનુએલ ના ભાઈ-બહેન કામ કરવા માટે
બહુ નાના હતા.






હવે ઇમ્માનુએલ જ એમનો એકમાત્ર સહારો હતો.
માઁ ની બહુ ના પાડવા છતાં, ઇમ્માનુએલ એક રાત્રે ટ્રેન માં બેસી ને ઘાના ની રાજધાની અક્રા પહોંચ્યો.
અક્રા એના શહેર થી 150 માઈલ દૂર હતું.
અને ઇમ્માનુએલ સાવ એકલો હતો.
એને ખબર ન હતી કે એ એના પરિવાર ને બે વર્ષ પછી જ પાછો મળી શકશે.

ઇમ્માનુએલ ઉમંગ ભરી ને આવ્યો :
શહેર માં લોકો જ લોકો હતા!
પણ કોઈ એને નોકરી આપવા તૈયાર ન હતા.




દુકાનદારો અને હોટેલવાળાએ
એને ભીખ માંગવાની સલાહ આપી,
જે બીજા વિકલાંગ કરતા હતા.
ઇમ્માનુએલ ભીખ માંગવા નહોતો ચાહતો.
છેવટે, એક ખાવાના સ્ટોલવાળા એ એને
નોકરી આપી અને રહેવાની જગ્યા પણ આપી.





જયારે ઇમ્માનુએલ ઠંડા પીણાં નહોતો
વહેંચતો ત્યારે એ બૂટ પોલિશ કરતો હતો.
એ પૈસા કમાતો અને ઘરે મોકલતો.

એક દિવસ જયારે ઇમ્માનુએલ બૂટ પોલિશ નો સામાન
ખરીદવા ગયો, તો દુકાન માલિકે એને ભિખારી
સમજી ને ધુતકાર્યો. અપમાનિત ઇમ્માનુએલે
દુકાન ના ગલ્લા પર પૈસા ફેંક્યા. દુકાનદારે
માફી માંગી, પણ ઇમ્માનુએલ એ અપમાન
ક્યારેય નહીં ભૂલે.



જયારે માઁ કમ્ફર્ટ ની તબિયત વધારે બગડી, ત્યારે ઇમ્માનુએલે ઘરે જઈને એની સેવા કરી. પલંગ પર સૂતા-સૂતા, ક્રિસ્મસ ના દિવસે માઁ એ એના દીકરા ને કહ્યું,

"બીજા નો આદર કરજે, તારા પરિવાર ની દેખભાળ કરજે, ક્યારેય ભીખ નહીં માંગતો. અને ક્યારેય હતાશ નહીં થતો."

બીજે દિવસે સવારે ઇમ્માનુએલ ની વહાલી માઁ નું નિધન થયું.

ઇમ્માનુએલ ને બહુ દુઃખ થયું, પણ માઁ ના આખરી શબ્દો એને માટે વરદાન બન્યા. એ શબ્દો નો આદર કરીને દુનિયા ને દેખાડવા ચાહતો હતો કે વિકલાંગ વ્યક્તિ અસમર્થ નથી હોતી. સ્વપ્નું મોટું હતું, પણ ઇમ્માનુએલ પાસે એક યોજના હતી.











ઇમ્માનુએલ પાસે એક તેજ મગજ,
નિર્ભયતા અને એક તાકાતવર પગ હતા.
હવે એને ફક્ત એક સાઇકલ ની જરૂર હતી.
શરૂઆત માં કોઈ એની મદદે ન આવ્યું.
લોકો ને લાગ્યું કે સાઇકલ પર ઘાના નો
પ્રવાસ કરવો, ઇમ્માનુએલ માટે અસંભવ
કામ હતું.

પછી ઇમ્માનુએલે સાન ડિએગો, અમેરિકા માં સ્થિત એક વિકલાંગ સંસ્થા ને પત્ર લખ્યો.



એમણે ઇમ્માનુએલ માટે એક સાઈકલ મોકલાવી, અને સાથે
હેલ્મેટ, ચડ્ડી, મોજા અને હાથમોજા પણ!



ઇમ્માનુએલ એની લાંબી યાત્રા ની તૈયારી કરવા લાગ્યો. એણે એના
ઇલાકા ના રાજા ને રજવાડી આશીર્વાદ આપવા માટે મનાવી લીધા.

એણે ઘરે-ઘરે જઈને લોકો ને સહયોગ માટે વિનંતી કરી.

અંત માં, એની પાછળ-પાછળ આવવા માટે એણે ભાડા ની એક ટેક્સી કરી. ટેક્સી માં પીવાનું પાણી, કેમેરા, અને એના પરમ મિત્રો હતા.

ઇમ્માનુએલે એનો જમણો પગ સાયકલ ની ફ્રેમ સાથે બાંધ્યો. એણે ડાબા પગ થી સાયકલ ના પેડલ ને જોરથી દબાવ્યું, અને આગળ વધ્યો.



ઇમ્માનુએલે ધાંધલિયા શહેર અક્રા માં સાયકલ ચલાવી.

એણે ગીચ જંગલો માં, પહાડો પર, અને પહોળી કાદવવાળી નદીઓ માં સાયકલ ચલાવી.

એણે ઓડુમ જંગલ અને કેળ ના ખેતરો માં અને કુમાસી ની બજાર માં થઈ ને સાયકલ ચલાવી.

સાંકડા ધોરી માર્ગ પર ટ્રક એની પાસે થી નીકળી.

ગીચ જંગલ માં એને જાનવરો ની યાદ આવી.

એ વિશાળ ઘાસ ના મેદાનો માં થી નીકળી ને

તમાલે ના પ્રાચીન શહેર માં પહોંચ્યો.

એ ઉપર, નીચે, એક બાજુ થી બીજી બાજુ સુધી,

અને ચોતરફ એના દેશ માં ફર્યો.

એના કપડાં પર ઘાના દેશ ના ઝંડા નું નિશાન હતું.

એના ખમીસ પર એક શબ્દ લખ્યો હતો - "પોઝો" જેનો અર્થ થાય "વિકલાંગ વ્યક્તિ".







THE
PUZ

રસ્તા માં ઇમ્માનુએલે એ બધા લોકો સાથે વાતચીત કરી જે વિકલાંગ હતા, અને જેઓ નહોતા.

એણે ગરીબ મજૂરો થી લઈને શ્રીમંત જમીનદારો, ધાર્મિક ગુરુઓ , સરકારી અફસરો અને ખબરપત્રીઓ સાથે વાતચીત કરી.



ઇમ્માનુએલ ઈચ્છતો હતો કે બધા લોકો એને
અને એની અક્ષમતા જુએ.

એ ચાહતો હતો કે બધા એને સાંભળે અને એનો
સંદેશ સમજે.



ઇમ્માનુએલ જેટલો દૂર ગયો, એટલું લોકો નું ધ્યાન એના તરફ વધ્યું. બાળકો એ તાળીઓ પાડી.

સાજા-સારા લોકો એની સાથે દોડયા અથવા વાહન માં બેસી ને ગયા.

વિકલાંગ લોકો પોતાના ઘર છોડી ને બહાર નીકળ્યા, એમાંનાં થોડા તો પહેલી વાર.

જે છોકરા ને ક્યારેક લોકો ધિક્કારતા હતા એ હવે રાષ્ટ્રીય હીરો બની ગયો હતો.





ઇમ્માનુએલે એની હેરત પમાડે એવી યાત્રા પૂર્ણ કરી.

એ અક્રા થી દક્ષિણ તરફ સમુદ્ર સુધી ગયો અને અક્રા પાછો આવ્યો. ચારસો માઈલ ની યાત્રા એણે ફક્ત દસ દિવસ માં પૂરી કરી.



પણ ઇમ્માનુએલ ની સફળતા એનાથી આગળ જાય છે.

એણે સિદ્ધ કર્યું કે મોટા કામ કરવા માટે એક પગ જ પૂરતો છે –

અને એક વ્યક્તિ ચાહે, તો એ દુનિયા બદલી શકે છે.

"આ દુનિયા માં કોઈ સંપૂર્ણ નથી.

આપણે સૌથી સારું કરવાની કોશિશ જરૂર કરી શકીયે."

- ઇમ્માનુએલ

લેખક ની નોંધ

ઇમ્માનુએલ ના પ્રયાસ હજી ચાલુ છે. 24 વર્ષ ની આયુ માં, 2001 ની સાલ માં, એ ઘાના માં પહેલી વાર સાયકલ પર લાંબી યાત્રા માટે નીકળ્યો.

ત્યાર પછી એણે ઘણા મહત્વપૂર્ણ અંતર-રાષ્ટ્રીય પ્રતિયોગિતા માં ભાગ લીધો છે. એને નાઇકી અને ઈએસપીએન તરફ થી પુરસ્કાર મળ્યા છે.

2004 માં કૈરો માં એને ઓલંપિક ટોર્ચ લઈને જવાનું સન્માન મળ્યું. એના પર એક પ્રેરક દસ્તાવેજી ચિત્ર પણ બન્યું છે જેનું નામ છે "ઇમ્માનુએલ્સ ગિફ્ટ".

2006 માં ઇમ્માનુએલ ની સાયકલ યાત્રા અને એના રાજનૈતિક સંઘર્ષ ને કારણે, ઘાના ની સંસદે "વિકલાંગ અધિનિયમન" લાગુ કર્યો.

એ નિયમ અનુસાર વિકલાંગ લોકો ને પણ એ બધી સુવિધાઓ પ્રાપ્ત થશે જે સામાન્ય નાગરિકો ને મળે છે.


"હું ઘાના માં મારા વિકલાંગ ભાઈઓ અને બહેનો માટે બહુ પ્રસન્ન છું," ઇમ્માનુએલે કહ્યું, "પણ આ તો હજી શરૂઆત છે."

ઇમ્માનુએલ હજી પણ વિકલાંગો ના હિત માટે પ્રયત્ન કરી રહ્યો છે.

એણે એક સ્કોલરશીપ ફંડ શરુ કર્યું છે જે વિકલાંગ બાળકો ને સ્કૂલ મોકલવામાં મદદ કરે છે, અને જરૂરતમંદ ને વ્હીલચેર ઉપલબ્ધ કરાવે છે.

એ સમગ્ર વિશ્વ ના રાજનીતિજ્ઞો, સ્વતંત્ર સંસ્થાઓ અને સ્કૂલ ના બાળકો ને વાતચીત કરીને એ સંદેશો પહોંચાડે છે કે - વિકલાંગ અસમર્થ નથી હોતા.

ઇમ્માનુએલ વિષે વધારે માહિતી એની વેબસાઈટ emmanuelsdream.org પર મળી શકે છે.



એક વ્યક્તિ
દુનિયા બદલી
શકે છે.